વડીલોને વંદન અભિનંદન

ઉષાબેન પંઢરીનાથ જગતાપ
(૧૯૪૬) મો. ૯૬૨૪૦૦૯૯૯૭

જશવંત ગાંધી
(૧૯૫૪) ફોન : ૨૩૨૨૨૩૭૦

રાજ્યભરમાં ભૂકંપથી ફફડાટ

અમદાવાદમાં પણ તમામ વિસ્તારમાં લોકો ભૂકંપ બાદ બહાર દોડ્યા : રાજ્યમાં ઉંચી ઇમારતોમાં રહેતા લોકો-ઉંચી ઇમારતોમાં કામ કરતા લોકોને પ્રચંડ ભૂકંપનો અનુભવ થતાં જાન બચાવવા દોડ્યા : ગાંધીનગરમાં બેઠકોનો દોર

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદ સહિત ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં પણ આજે બે વખત આંચકા આવ્યા હતા. જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઇ ગઇ હતી. ઉંચી ઇમારતોમાં રહેતા લોકો ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. આજે સવારે બે વાર લોકો હચમચી ઉઠ્યા હતા. પ્રથમ આંચકો ૧૧.૪૧ વાગે આવ્યો હતો. નેપાળમાં પ્રચંડ આંચકાના કારણે તેની અસર ગુજરાત અને અન્ય રાજ્યોમાં રહી હતી. નેપાળના પાટનગરમાં કેટલીક ઇમારતો ધરાશાયી થઇ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમાર સાથે ફોન પર વાતચીત કરી છે. હવામાન વિભાગે કહ્યું છે કે મોટા ભૂંકપના કારણે વધારે આંચકા આવી શકે છે. બીજો આંચકો પણ છથી વધારેનો હતો. નેપાળમાં પાટનગર કાઠમાન્ડુમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૭ આંકવામાં આવી છે. જેમ જ લોકોને અસર થઇ લોકો ઘરમાંથી બહાર દોડી ગયા હતા.અમદાવાદ શહેરમાં રહેતા લોકો અને નોકરી પર રહેલા લોકો તેમની ઓફિસની નીચે આવી ગયા હતા. ગુજરાતના તમામ વિસ્તારો પણ આજે બપોરના ગાળામાં ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા અને ૨૦૦૧માં કચ્છ-ભુજમાં આવેલા વિનાશકારી ભૂકંપની યાદ તાજી થઇ ગઇ હતી. કેટલાક લોકોને તરત જ ભૂકંપનો અનુભવ થઇ ગયો હતો. ભૂકંપનો આંચકો અનુભવાયા બાદ અમદાવાદ શહેરમાં પણ લોકો મોડેથી સુધી પોતાના ઘરમાં ઘુસ્યા ન હતા. ગગનચુંબી ઇમારતમાં રહેતા લોકોમાં સૌથી વધારે ફફડાટ રહ્યો હતો. શહેરના લાલદરવાજા સહિતના વિસ્તારોમાં આવેલી ઉંચી ઇમારતોમાં ઓફિસમાં કામ કરી રહેલા લોકો ભૂકંપનો અનુભવ થયા બાદ ઓફિસમાંથી નીચે દોડી આવ્યા હતા.

દરમિયાન ગાંધીનગરમાં સરકાર દ્વારા તાત્કાલિક બેઠક બોલાવીને ભૂકંપની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતમાં ભૂકંપની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત ગુજરાતીઓ અને નેપાળમાં ગયેલા પ્રવાસીઓ અંગે પણ ચર્ચા કરાઈ હતી. ગુજરાત સરકારે ભૂકંપના પગલે ગાંધીનગરમાં કન્ટ્રોલરુમ શરૂ કર્યો હતો. કન્ટ્રોલરુમ પર નેપાળમાં ફસાયેલા ગુજરાતીઓ અંગે માહિતી મેળવી શકાય છે. બપોર સુધી સતત ફોન આવતા રહ્યા હતા. નેપાળમાં જે લોકો પ્રવાસ ઉપર છે તે લોકોના સગાસંબંધીઓ પણ ચિંતાતુર દેખાયા હતા. મળેલી માહિતી મુજબ અમદાવાદમાં લોકોએ આંચકાનો અનુભવ કર્યો હતો. બોડકદેવ, વેજલપુર, સેટેલાઇટ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. ફ્લેટમાં રહેતા લોકોને વધારે અનુભવ થયો હતો. થલતેજ, પ્રહલાદનગરમાં પ્રચંડ આંચકાનો અનુભવ લોકોએ કર્યોહતો. અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત સહિતના મોટા શહેરો ઉપરાંત કચ્છના વિસ્તારો પણ હચમચી ઉઠ્યા હતા.

નેપાળમાં સેંકડો ગુજરાતી પ્રવાસી ફસાયાના અહેવાલ

પ્રવાસીઓના સગાસંબંધી ચિંતાતુર

અમદાવાદ,તા. ૨૫

નેપાળમાં વિનાશકારી ભૂકંપ આવ્યા બાદ તેની માઠી અસર હવે બહાર આવી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ગુજરાતી પ્રવાસી હાલમાં નેપાળમાં હોવાના અહેવાલ મળ્યા છે. સંખ્યાને લઈને દુવિધાભરી સ્થિતિ છે પરંતુ નેપાળમાં હાલ અંદાજ મુજબ ૧૫૦થી પણ વધારે ગુજરાતી લોકો છે.

આ પ્રવાસીઓના સગાસંબંધીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અલબત્ત ગુજરાત સરકારે માહિતી મેળવવા માટે કન્ટ્રોલરુમની શરૂઆત કરી દીધી છે. આ નંબરો ઉપર ફોન કરીને માહિતી મેળવી શકાય છે. અત્રે નોંધનીય છે કે, હાલમાં જ નેપાળમાં બસ દુર્ઘટનામાં ગુજરાતના ૧૭ લોકોના મોત થઇ ગયા હતા. આ ઉપરાંત ૨૮થી વધુ લોકો ઘાયલ થયા હતા. ગુજરાતી લોકો માટે વધુ એક પ્રતિકુળ સમાચાર ભુકંપની સાથે જ આવ્યા છે. માહિતી મેળવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહી ચુકેલા હાલના વડાપ્રધાન મોદી પણ માહિતી મેળવવાના પ્રયાસમાં છે.

ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત હોવાનો દાવો

રાહત કમિશનર દ્વારા નિવેદન કરાયું : નેપાળમાં અટવાયેલા ગુજરાતીઓ અંગે ઇ-મેલ મારફતે ભારતીય દૂતાવાસને માહિતી અપાઈ : સ્થિતિ પર નજર

અમદાવાદ,તા. ૨૫

ગુજરાત સરકાર રાહત કમિશનર પાંડેએ આજે કહ્યું હતું કે, નેપાળ ભૂકંપ અંગે ગુજરાત સરકારના કન્ટ્રોલ રુમમાં નેપાળમાં અટવાઈ પડેલા ગુજરાતી પ્રવાસીઓ અંગે શ્રેણીબદ્ધ કોલ મળી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, નેપાળમાં અટવાઈ પડેલા ગુજરાતીઓ અંગે જે કંઈપણ વિગત મળી છે તે ઇ-મેઈલ મારફતે નેપાળમાં ભારતીય દૂતાવાસને મોકલી દેવામાં આવી છે. પાંડેએ એમ પણ કહ્યું હતું કે, પરિવહન કમિશનરને ગુજરાતમાંથી આયોજિત થતાં નેપાળના પ્રવાસના સંદર્ભમાં માહિતી મેળવવા માટે કહેવામાં આવ્યું છે. તેમના વિભાગ દ્વારા જે મંજુરી અપાઈ હતી તેમાં પણ ધ્યાન આપવા માટે કહેવામાં આવ્યું છે. બે પ્રવાસ અંગે વિગતો મળી ચુકી છે. જે પૈકી એક પ્રવાસમાં ૨૦ પ્રવાસીઓ હતા જ્યારે બીજા પ્રવાસમાં ગુજરાતમાંથી ૩૫ પ્રવાસીઓ હતા. તમામ ગુજરાતી પ્રવાસીઓ નેપાળમાં સુરક્ષિત હોવાની વિગત મળી છે. પાંડેએ કહ્યું હતું કે, અન્ય વિગતો પણ હેલ્પલાઈન નંબરથી મળી રહી છે. હાલમાં નેપાળમાં દૂરસંચારની વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે જેથી પુરતી માહિતી મળી રહી નથી. આવી જ રીતે પરિવહન સેવાને પણ રોકી દેવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારના નોડલ ઓફિસર ડામોર કાઠમંડુમાં છે. તેમને પણ ભારતીય દૂતાવાસ સાથે સંપર્કમાં રહેવા માટે સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. ટૂંકમાં ગુજરાતી લોકોની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. રાહત કમિશનરે નિવેદન બાદ મોટી રાહત થઈ છે.

દક્ષિણ પૂર્વ એશિયન દેશોના પ્રચંડ ભૂકંપની તવારીખ

- ૨૫મી એપ્રિલ ૨૦૧૫ : નેપાળમાં લામજંગ જિલ્લામાં કેન્દ્ર ધરાવતા અને ૭.૯ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી મોટી સંખ્યામાં લોકોના મોત, ભારતના મોટાભાગના રાજ્યો પણ પ્રચંડ ભૂકંપની અસર હેઠળ હચમચી ઉઠ્યા, ભારે નુકસાન
- ૨૩મી નવેમ્બર ૨૦૧૪ : ચીનમાં ૬.૩ની તીવ્રતાના ભૂકંપથી બે લોકોના મોત
- ૨૩મી નવેમ્બર ૨૦૧૪ : ૬.૭ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી ૫૦થી વધુ લોકો ઘાયલ થયા
- ૫મી મે ૨૦૧૪ : બંગાળના અખાતમાં ૬ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપ બાદ દેશના ઘણા ભાગો આંચકાથી હચમચી ઉઠ્યા
- ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ : પાકિસ્તાનના ગ્રામિણ દક્ષિણ પશ્ચિમ પ્રાંતના ભાગો ૭.૭ની તીવ્રતાના આંચકાથી હચમચી ઉઠ્યા. આમા ૩૦૦થી વધુના મોત
- ૨૦મી એપ્રિલ ૨૦૧૩ : દક્ષિણ પશ્ચિમ ચીનના સીચુઆન પ્રાંતમાં ૬.૬ની તીવ્રતાના ભૂકંપથી ૧૫૦ના મોત થયા અને સેકડો લોકો ઘાયલ થયા
- ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૧ : સિક્કિમમાં ૬.૮ની તીવ્રતાના ભૂકંપથી ૬૮ લોકોના મોત થયા અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા
- ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૯ : ભુટાનના ૬.૩ની તીવ્રતાના ભૂકંપથી ૧૦ લોકોના મોત થયા અને સેકડો લોકો ઘાયલ થયા
- ૮મી ઓક્ટોબર ૨૦૦૫ : ઉત્તરીય પાકિસ્તાનમાં ૭.૬ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી ૮૬૦૦૦ લોકોના મોત થયા હતા અને ૫૯૦૦૦ લોકો ઘાયલ થયા હતા. વ્યાપક નુકસાન થયું હતું.
- ૨૬મી ડિસેમ્બર ૨૦૦૪ : એશિયા પેસિફિક પ્રદેશમાં ઇન્ડોનેશિયામાં ૯.૩ની તીવ્રતાના ભૂકંપ બાદ સુનામી ત્રાટકતા બે લાખથી વધુ લોકો મોત થયા. ૧૮થી વધુ દેશો સકંજામાં આવ્યા.
- ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ : ગુજરાતના ભુજમાં ૭.૭ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી ૧૦૦૦૦થી વધુ લોકોના મોત થયા. લાખો લોકોને અસર થઈ.

રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ભૂકંપગ્રસ્તો પરત્વે સંવેદના વ્યક્ત કરી

અમદાવાદ, તા.૨૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નેપાળમાં આવેલા ભયાવહ ભૂકંપમાં જાન ગુમાવનારા નાગરિકો પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે અને આ ભૂકંપને કારણે થયેલા માલ-મિલકતના નૂકસાન અંગે પણ દુઃખ વ્યક્ત કર્યું હતું. આનંદીબેન નેપાળમાં જે ગુજરાતી યાત્રિકો-પ્રવાસીઓ આ ભૂકંપની આપદામાં ફસાયેલા છે તેમનો સંપર્ક કરવા અને ભાર મેળવવા રાહત કમિશનર તંત્ર તેમજ આપતિ વ્યવસ્થાપન તંત્રને નેપાળ રાજદૂતાવાસના પરામર્શ સંકલનમાં રહેવાની સૂચનાઓ આપી છે. મુખ્યમંત્રી આજે સ્કીલ ડેવલપમેન્ટ અંગેની બેઠકમાં ઉપસ્થિત રહેવા દિલ્હીના પ્રવાસે હતા તે દરમ્યાન ભૂકંપ અંગેની જાણકારી મળતાં જ તેમણે રાજય આપતિ વ્યવસ્થાપન તંત્રને સતર્ક કર્યુ હતું. ગાંધીનગરમાં આ માટે ખાસ ૨૪-૭ કંટ્રોલ રૂમ પણ શરૂ કરવા તેમણે સૂચનાઓ આપી હતી અને ગુજરાતમાં પણ ભકંપ વિષયક જાણકારી મેળવી હતી. આનંદીબેને ગુજરાતમાં આ ભૂકંપને કારણે કોઈ જાનહાનિ કે વ્યાપક નુકસાન થયું નથી તેની તલસ્પર્શી વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીએ સૌ નાગરિકોને ભય કે ચિતાં ન રાખવા અપિલ કરતાં ભૂકંપ સમયે લેવાના થતા સાવચેતી-સલામતિના પ્પગલાઓ માટે તંત્રવાહકોની સૂચનાઓ અનુસરવા પણ અનુરોધ કર્યો છે.

ચિલોડા પંથકના ખેતરોમાં માલધારીઓ દ્વારા ભેલાણના આશયે તેમની ગાયો રખડતી મુકી દેવામાં આવી રહી છે. આવી ગાયોમાં અનેક ગાભણ ગાયો પણ હોય છે જે વિવાણના સમયે પ્રસુતિ પીડાના કારણે ગમે ત્યાં આશરો લેતી હોય છે. આવી જ એક ગાયને પ્રસુતિ પીડાથી જોઈ ગામના યુવાનોમાં જીવદયાની સરવાણી ફુટી નીકળી. યુવાનોએ એક ખેતરમાં પોતાના સ્વખર્ચે પશુ ડોક્ટરને બોલાવી ગાયની પ્રસુતિ કરાવી જેમાં ગાયે એક વાછરડાને જન્મ આપ્યો હતો. યુવાનોએ આ ગાય અને તેના વાછરડાની સંપુર્ણ કાળજી રાખી હતી.

શબ્દાવલી - ૫૭૧૨

૧	૨	૩	■	૪	૫		
૬						■	■
	■		■	૭		■	૮
■	૯	■	૧૦			■	
૧૧				■	■	૧૨	
૧૩		■	૧૪	૧૫	■	૧૬	
૧૭		■	૧૮			■	
■		■	૧૯		■	૨૦	

આડી ચાવી

૧. ખરું લોઢું, ગજવેલ (૩)
૪. લસરપટ્ટી (૪)
૬. સજવું, તૈયાર થવું (૬)
૭. શરીર તપી જાય તેવો રોગ (૨)
૧૦. સહેલું (૩)
૧૧. સ્વાગત - આગતા સ્વાગતા (૪)
૧૨. વિજય (૨)
૧૩. કપટી, દ્રોંગુ (૨)
૧૪. મધ (૨)
૧૬. લાગવગ (૨)
૧૭. માણસ, પુરુષ (૨)
૧૮. નક્કી, કાબુમાં રાખેલ (૩)
૧૯. જમરાજ (૨)
૨૦. પત્ર, કાગળ (૨)

ઊભી ચાવી

૧. વસ્ત્ર (૩)
૨. શરમ, લજ્જા (૨)
૩. ૧૦નો જથ્થો, દસકો (૩)
૪. સતત, એક ધારો (૪)
૫. એક શાક (૪)
૮. ખેલકૂદ (૬)
૯. છુટુછવાયું, છુટક (૫)
૧૦. વખાણ કરવા યોગ્ય (૫)
૧૧. વાળ કાપવાની દુકાન (૩)
૧૨. આત્મા, સજીવ (૨)
૧૫. કાયદો, નક્કી (૩)

શબ્દાવલી ૫૭૧૧ના જવાબ

આડી ચાવી :- (૧) લટકમટક (૬) લપડાક (૭) પર (૮) નાલા (૯) સરફરોશ (૧૦) બારૂદ (૧૧) કાજી (૧૩) ગપ (૧૫) રકાસ (૧૭) તજ (૧૮) તરબતર (૨૦) રોફ (૨૧) રત (૨૨) ધણી

ઊભી ચાવી :- (૧) લલના (૨) ટપલાબાજી (૩) કડા (૪) મકસદ (૫) ફરશ (૭) પરોણાગત (૧૧) કાળોતરો (૧૨) કસરત (૧૪) પજવણી (૧૫) રબ (૧૬) કાતર (૧૯) રફ

નેપાળમાં ભયંકર ભૂકંપ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આજે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત આંચકા પ્રચંડ તીવ્રતા સાથે નોંધાયા પણ લોકોની દહેશત દૂર થઈ ન હતી અને આંચકાઓ જારી રહ્યા હતા. લોકો તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. કાઠમંડુથી પ્રાપ્ત અહેવાલ મુજબ સેકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. પાટનગર કાઠમંડુમાં ૧૯મી સદીના ઐતિહાસિક ટાવર પણ પડી જતાં નેપાળને પ્રવાસની દૃષ્ટિએ પણ ફટકો પડ્યો હતો. ૧૮૩૨માં બનાવવામાં આવેલા ધારાહારા ટાવરને નેપાળના ઐતિહાસિક સ્થળ તરીકે ગણવામાં આવે છે. આઈકોનિક ટાવરના ફોટા ટ્વિટર ઉપર ભૂકંપ પહેલા અને ભૂકંપ બાદના રજૂ કરવામાં આવ્યા હતા. ટાવરમાંથી પણ કેટલાક મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે ટાવર ધારાશાયી થયું ત્યારે તેમાં કેટલા લોકો અંદર હતા તેની માહિતી મળી શકી નથી. નેપાળમાં આજે સંપૂર્ણપણે જનજીવન ખોરવાઈ ગયું હતું. ચારેબાજુ દહેશત દેખાઈ હતી. તમામ રાજકીય પક્ષો પણ બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા. નેપાળને તમામ પ્રકારની મદદ કરવાની શરૂઆત પણ કરવામાં આવી હતી. પ્રારંભિક આંકડામાં જ કાઠમંડુની સિવિલ હોસ્પિટલમાં સેકડો મૃતદેહ ગણાયા હતા. નેપાળના પોખરામાં પણ મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. નેપાળમાં ભૂકંપની તીવ્રતાને લઈને ગુંચવણ રહી હતી. જો કે, મોડેથી અમેરિકાની ભૂકંપ સાથે સંબંધિત સંસ્થાએ કહ્યું હતું કે, ૭.૯ની તીવ્રતાનો આંચકો હતો. તમામ હોસ્પિટલોમાં ઘાયલ લોકોને લઈ જવામાં આવ્યા હતા. નેપાળના મોટાભાગના વિસ્તારોમાં ભારે અંધાધૂંધી જોવા મળી હતી.

નગરમાં દોડધામ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવ્યા હતા. આકરી ગરમીમાં ધરતીકંપનો આંચકો આવતા શહેરના માર્ગો પર રજાના દિવસે બપોર બાદ અનોખો સુનકાર જોવા મળ્યો હતો. ધરતીકંપની અસર મોટાભાગે હાઈરાઈઝ બિલ્ડીંગમાં જ થઈ હોવાથી રહેણાંક વિસ્તારમાં આંચકાની અસર વર્તાઈ ન હતી. દિવસ દરમિયાન ધરતીકંપનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન રહયો હતો. જયારે આજે રજાનો શનિવાર હોવાથી સચિવાલય સહીતની સરકારી કચેરઓ બંધ હોવાથી વધુ ભયનો માહોલ સર્જાયો ન હતો. ધરતીકંપના આંચકાથી અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકોમાં ૨૦૦૧ના ભૂકંપના દ્રશ્યો તાજા થઈ ગયા હતા. નગરજનો ૨૬મી જાન્યુઆરી વર્ષ ૨૦૦૧ના ધરતીકંપના તિવ્ર આંચકાની અસરો અંગે ચર્ચા કરતા નજરે પડયા હતા.ધરતીકંપના લીધે કેટલીક ખાનગી કંપનીઓએ કર્મચારીઓને રજા આપી દીધી હતી. સોશ્યલ મીડીયા પર ધરતીકંપના આંચકાના સમાચાર વાયુવેગે પ્રસરતા આખો દિવસ ભૂકંપનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન રહયો હતો. રહેણાંક વિસ્તાર તેમજ લારી ગલ્લાઓ ઉપર પણ ભૂકંપની ચર્ચાનો ગરમાવો જોવા મળ્યો હતો. ધરતીકંપના આંચકાના અંતે પણ શહેરમાં કાઇ મોટી નુકસાની કે જાનહાનિ થઇ નથી.

ત્રણ તબીબો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હમણાં ધરતી ફાટી જશે તેવુ લાગતુ હતુ. જો કે સાંજ સુધીમાં કંપનો હળવા થતા તેઓ જ્યાં રોકાયા હતા તે હોટલમાં જવા રવાના થયા હતા. પરત આવવાની વ્યવસ્થા થશે ત્યારે ટુંક સમયમાં તેઓ ગાંધીનગર આવી જશે.

ડૉ. રાજન દોશી સહિતના ત્રણ બાળ રોગ નિષ્ણાત તબીબો ગઈકાલે જ કાઠમંડુ જવા રવાના થયા હતા. અમદાવાદથી દિલ્હી અને ત્યાંથી કાઠમંડુ જતી ફ્લાઈટ પકડી ગઈકાલે રાત્રે જ તેઓ કાઠમંડુ પહોંચ્યા હતા. આજે એક દિવસીય કોન્ફરન્સમાં હાજરી આપી રવિવારે તેઓ પરત ગાંધીનગર આવવાના હતા. કોન્ફરન્સ દરમ્યાન જ ભુકંપના આંચકા આવ્યા હતા. રાહતની વાત એ છે કે તેમની સાથેના તમામ તબીબો સહીસલામત છે. ડૉ. રાજન દોશી અને અન્ય તબીબો સહીસલામત હોવાના સમાચાર તેમના પરિવારજનો, સગાસંબંધીઓને અને મિત્રોને મળતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચૂકડી જાહેર ખબર
ભાડે આપવાનો છે
બંગલો, 2BHK,
ચ-૨ સર્કલ પાસે
સંપર્ક : ૯૯૯૮૨ ૪૦૭૯૦

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧